Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# આર્થિક સુધારક તરીકે ગાંધીજીના કાર્યો

**ડૉ. સ્મિતા તેજસ શાસ્ત્રી**

વ્યાખ્યાતા, શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન, દેવભૂમિ દ્વારકા

***સારાંશ:*** *પ્રસ્તુત અભ્યાસમાં ગાંધીજીના આર્થિક વિચારો અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.મહાત્મા ગાંધીજી એક શ્રેષ્ઠ તત્વચિંતક હતાં. ગાંધીજી આર્થિક સામાજિક ગતિશીલતા અને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને આર્થિક વિચારો રજુ કર્યા છે. તેમના વિચારો થકી સમગ્ર દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મેળવવાં મદદરૂપ બન્યા છે. એક આર્થિક સુધારક તરીકેની મહત્વની ભૂમિકા તેમની રહી છે. ગાંધીજીના વિચારો સ્વદેશી ગ્રામવિકાસ સુધારક તરફી હતા. તેઓ નાના તથા કુટિર ઉધોગોના વિકાસ માટે પેરણાદાયી છે. આ માટે તેમણે રેંટિયો અને ખાદી ગ્રામધોગો તરફ પ્રયાણ કરવાનું સૂચવ્યુ છે. વર્તમાન સમયમાં પણ આજે ખાદી અને ગ્રામોધોગો વિષે લોકોમાં જાગૃતતા આવી છે. રોજગારીના માધ્યામ તરીકે આજે પ્રચલિત છે. ખાદીપ્રેમી ગાંધીજી જેના થકી ખાદી ગૃહઉધોગોના પેરકરૂપે આજે પણ ગાંધીજી જીવંત રહ્યા છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *યાંત્રિકરણ,ખાદી, ગ્રામઉધોગો,વિકેન્દ્રિકરણ, મૂડીવાદ,રચનાત્મક કાર્યક્રમ*

**પ્રસ્તાવના**

ભારતમાં આર્થિક વિચારસરણીના પાયા 19 મી સદીથી નંખાયા છે. આ વિચારધારા પર યુરોપિય આર્થિક અસર હતી. મહાત્મા ગાંધી દ્વારા વિસ્તૃત આધ્યાત્મિક અને સામાજિક-આર્થિક સિદ્ધાંતો પર આધારિત આર્થિક વિચારની એક શાળા છે. તે સામાન્યતઃ માનવીને તાર્કિક પદાર્થ કે જે હંમેશા પોતાનો સ્વાર્થ વધારે, જે શાસ્ત્રીય અર્થશાસ્ત્રનો પાયો પણ છે તરીકે અવગણે છે. રસ્કીનના પુસ્તક 'અન ટુ ધીશ લાસ્ટ' માંથી ગાંધીજી એ ત્રણ સિદ્ધાંતો અપનાવ્યા:

(૧)સર્વના કલ્યાણમાં પ્રત્યેક વ્યક્તિ નું કલ્યાણ સમાયેલું છે.

(૨)વકીલ અને વાણંદના કામની કિંમત સમાન છે. કારણ બને શ્રમ દ્વારા પોતાનો નિર્વાહ કરે છે.

(૩)જમીન ખેડતા ખેડૂતના જેવું શ્રમયુક્ત જીવન જ સાચું જીવવા યોગ્ય જીવન છે.

**ગાંધીજીના આર્થિક સુધારક તરીકેના કાર્ય :**

ગાંધીજીના વિચારો સ્વદેશ તરફી હતા.ગ્રામીણ તથા શહેરી સર્વાંગી વિકાસ થાય તેના પર વધુ ભાર આપતા હતા. ગાંધીજીએ પાશ્ચાત્ય અર્થપ્રણાલીઓને માનવીની જરૂરીયાતો માટે અસ્થિર અને વિનાશકારી કહી હતી કારણ કે તે પ્રણાલીઓ તેમના શબ્દોમાં "ઇચ્છાઓના ગુણાકાર" પર આધારિત હતી. તેનાથી વિપરીત, ગાંધીજીનું આર્થિક મૉડલ જરૂરીયાતોની પૂર્તિ (મતલબ અને સમુદાયની જરૂરીયાતો સહિત) પર આધારિત હતું. આર્થિક શાખા તરીકે, ઉત્પન્ન થયેલા આ મૉડલમાં સંરક્ષણવાદ, રાષ્ટ્રવાદ, અહિંસાના સિદ્ધાંતો અને ઉદ્દેશોનું પાલન, અને સામાજિક-આર્થિક સુમેળની તરફેણમાં વર્ગ યુદ્ધને નકારી કાઢવાનાં તત્વો શામેલ હતાં. ગાંધીજીના આર્થિક વિચારો પણ આધ્યાત્મિક વિકાસ અને ભૌતિકવાદના અસ્વીકાર સાથે સુમેળને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય ધરાવે છે.

ગાંધીવાદી સમાજવાદની આર્થિક નીતિઓનાં મુખ્ય પાસાં નૈતિકતા પર આધારિત છે. ગાંધીજીના મતે: "માનવ અથવા રાષ્ટ્રની નૈતિક સુખાકારીને નુકસાન પહોંચાડનારૂં અર્થશાસ્ત્ર અનૈતિક છે અને તેથી પાપી છે." તેથી, બધા માટે સમાનતાને પ્રોત્સાહન આપીને ગાંધીવાદી સમાજવાદ એ આર્થિક સામાજિક ન્યાયનું મૂળ છે.આ વિચારધારાથી વિકસિત ગાંધીવાદી સમાજવાદના આર્થિક ઘટકો સ્વરાજની આસપાસ કેન્દ્રિત છે, જે સંપૂર્ણ આર્થિક સ્વતંત્રતામાંથી ઉદ્ભવે છે. આ સ્વાવલંબન અને આત્મનિર્ભરતા દ્વારા પ્રાપ્ત થાય છે, જ્યાં, દરેકને તેના શ્રમનો યોગ્ય હિસ્સો મળે છે. તેથી ગાંધીવાદી સમાજવાદ આર્થિક વર્ગો વિનાના સમાજની હિમાયત કરે છે, જેને ગાંધીજીએ તેને સર્વોદય ગણાવ્યો હતો. ભારતમાં પંચાયત રાજના અમલીકરણમાં આ ખ્યાલનું ઉદાહરણ જોઇ શકાય છે.૧૯૩૮માં, સ્વતંત્ર પછીના ભારત માટેની આર્થિક યોજના બનાવતી વખતે, એ નોંધાયું હતું કે લોકતાંત્રિક ભારત હેઠળની યોજના વિવિધ સમાજવાદી, મૂડીવાદી, અથવા ફાસીવાદનું અનુકરણ કરીને લોકોનું જીવન-ધોરણ વધારવા વિશેની નહીં પરંતુ તે ભારતીય ભૂમિ અને ભારતની સમસ્યાઓ તરફ કેન્દ્રિત હોવી જોઈએ.રાજકીય અને આર્થિક શક્તિનું ગઠબંધન, તકનીકીના આધુનિકીકરણ અને મોટા પાયે ઔદ્યોગિકીકરણ પ્રત્યે પરંપરાગતવાદી અનિચ્છા, જ્યારે સ્વ-રોજગાર અને આત્મનિર્ભરતા પર ભાર મૂકવો એ ગાંધીવાદી સમાજવાદની મુખ્ય લાક્ષણિકતાઓ છે.

**સામ્યવાદના વિચારો**

19 મી સદી થી કાર્લમાર્ક્સની વિચારધારા પરિણામે સામ્યવાદ નામની વિચારસરણી નું સર્જન થયું હતુ. ગાંધીજીને સામ્યવાદનો વર્ગવિગ્રહ નો સિદ્ધાંત માન્ય ન હતો. કારણ તેઓ માનતા હતાં કે માલિક અને મજૂર વચ્ચે સતત ઘર્ષણ હોવું જરૂરી નથી. ગાંધીજી કહે છે કે હું એ દ્રશ્ય કલ્પી શકુ છું કે,, "જેમાં શ્રીમંતો ગરીબોને ભોગે સીમંત થવાનું નકારે છે અને ગરીબો શ્રીમંતોની અદેખાય ન કરે. પૂણતાએ પોહચેલા કલહ અને દ્રેશભાવને તો દૂર કરી જ શકીયે એમ કરવું જોઈએ. "મૂડીવાદ નો પાયો આર્થિક અસમાનતા છે. ગાંધીજી આર્થિક અસમાનતા નો અંત કરવા માટે ઉત્સુક હતાં. એમના રચનાત્મક કાર્યક્રમમાં આર્થિક સમાનતા ને મહત્વ અપાયું છે. એટલુંજ નહિ પણ એને પૂર્ણ સ્વરાજની ચાવી માનવામાં આવી હતી. તેમના મતે,"આર્થિક સમાનતા માટે કાર્ય કરવું એટલે મુડીને મજુરી વચ્ચેના કાયમ ના ઝગડા મિટાવવા એનો અર્થ એ કે એક બાજુ થી જે થોડા પૈસાવાળા લોકોના હાથમાં રાષ્ટ્ર ની સંપતિનો મુખ્ય ભાગ એકઠો થયો છે. તેમની સંપત્તિ ઘટાડવી અને બીજી બાજુથી અર્ધ ભૂખ્યા રહેતા કરોડો વચ્ચેનું બહોળું અંતર ચાલુ રહે ત્યાં સુધી અહિંસાના પાયા પર ચાલતો રાજ વહીવટી સંભવિત નથી. સ્વતંત્ર હિન્દુસ્તાનના દેશના સૌથી તવંગર માણસો જેટલી સતા ભોગવતાં હશે તેટલી જ ગરીબોની હશે.તેમાં નવી દિલ્હીના મહેલોને

તેમની પડખે જ આવેલા ગરીબ મજુર વસ્તીમાં કંગાળ લોકો વચ્ચે જે કારમો તફાવત આજે દેખાય છે તે એક દિવસભર પણ નહિ નભે.

**યંત્ર અંગેનો અભિગમ**

ઓધોગિક ક્રાંતિને પરિણામે કેટલાક એમ કહેતા હતાં કે, કામદારોના કામના કલાકો ઓછા થશે. ઉત્પાદનમાં અનેકગણો વધારો થશે પરિણામે પુથ્વી પર સ્વર્ગ ઉતરી આવશે. ગાંધીજી યંત્રના વિરોધી હતા. તેઓ કહેતા હતાં કે, " થોડા ગણ્યા ગાંઠિયા પાસે સંપતિ નો સંચય થાય એમ નહિ પણ સૌની પાસે થાય એમ હું ઈચ્છું છું. આજે તો થોડા માણસોને કરોડોની ખાંધ ઉપર ચડી બેસવામાં યંત્રો મદદગાર થઈ રહ્યા છે. યંત્રોના ઉપયોગની પાછળ પ્રેરકરૂપ કારણ શ્રમના બચાવ નું નથી પણ ધનના લોભનું છે. " આમ તેમના વિચારો યંત્ર ના વિરોધી હતાં.

યંત્રો નીતિમય જીવન જીવવામાં અંતરાય રૂપ બને છે. એ મંતવ્ય રજૂ કરતા ગાંધીજી હિંદ સ્વરાજમાં " મુંબઈના મિલ મજૂરોની અને ખાસ કરીને મહિલા મજૂરોની જે દુર્દશા થાય છે. એનો દાખલો ટાંકે છે. આ ઉપરાંત અસમાનતા, શોષણ, અસહકારની ભાવના, પ્રતિસ્પર્ધાને ઉતેજન આપે છે. યંત્રોના ઉપયોગને લીધે બેરોજગારીમાં વધારો થાય છે. ગાંધીજી કહે છે, “એક તરફ શ્રમનો બચાવ થાય અને બીજી તરફ લાખો માણસો યંત્રના લીધે બેકાર બની ભૂખે મરતા રસ્તા પર રઝળતા થઈ જાય છે. સમય અને શ્રમ નો બચાવ હું જરૂર ઇચ્છું પણ તે અમુક વર્ગને માટે નહિ, આખી માનવજાત માટે થવો જોઈએ.

**ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત**

મુડીવાદી સમાજવ્યવસ્થામાં માલિક બધો નફો પોતાના પાસે રાખે.મજૂરો ને તે નફામાંથી કોઈ ભાગ નથી આપવામાં આવતો. સમાજવાદી સમાજરચનામાં રાજ્યને માલિકી અધિકાર આપી એના દ્વારા ઉધોગોનું નિયંત્રણ કરવામાં આવે છે. પણ ગાંધીજી આ પરિસ્થિતિ ઉભી કરવામાટે બાહ્ય નિયંત્રણને બદલે મનુષ્ય માં રહેલ ઉદાત ભાવનાઓને જગાડી એનું હ્રદય પરિવર્તન કરી એને વિશ્વસ્ત તરીકે વર્તવાની માલિકીપણામાંથી મિલકતનો રખેવાળ કે ટ્રસ્ટી બનવાની સલાહ આપે છે. ૧૯૪૬માં ટ્રસ્ટીશીપના સિદ્ધાંત વિષે પ્રો.દાંતવાળા એ ઠરાવ તૈયાર કર્યો એ માટે ગાંધીજીની સંમતિ મેળવી જેમાં,

(૧)મુડીપતિ ને સુધારવાની અને પોતાની સંપતિનો સમાજ માટે ઉપયોગ કરવાની તક મળે છે.

(૨)માત્ર અંગત ઉપયોગ માટે સમાજ જેટલી ખાનગી મિલકતની છૂટ રાખે તે સિવાયની ખાનગી મિલકતનો હક એમાં માન્ય નથી.

(૩)માલિકી હક તથા સંપતિના ઉપયોગનું કાયદાથી નિયમ કરવાની એમાં મનાઈ નથી.

(૪)રાજ્ય દ્વારા સંચાલિત વાલીપણાની વ્યવસ્થામાં વ્યક્તિને પોતાના સ્વાર્થ પોષવા અથવા સમાજ હિતની અવગણના થાય એ રીતે સંપતિ ધરાવવાની કે તેનો ઉપયોગ કરવાની છૂટ નહી હોય.

(5)નિર્વાહ માટે મજુરીનું લઘુતમ ધોરણ નક્કી કરવાનું વિચારવામાં આવ્યું છે. એજ રીતે ગુરૂતમ ધોરણ પણ નક્કી થવું જરૂરી

છે. આ બેની વચ્ચેનો તફાવત ન્યાયોચિત હોવો જોઈએ .એટલું જ નહિ પણ અંતે એ સદંતર નાબુદ થાય એ માટે એમાં વખતોવખત ફેરફાર થાય રહે એ જાતનો હોવો જોઈએ.

(6)ઉત્પાદન નું સ્વરૂપ મુડીપતિ ની મરજી પર નહી પણ સમાજની જરૂરીયાત પ્રમાણે કરવામાં આવે.

ગાંધીજી વ્યકિગત સંપતિ નાબુદ કરવાના પક્ષમાં નહોતા,પણ તે સાથે તેઓ વારસા હકમાં વિશ્વાસ ધરાવતા નહોતા.એમની ઈચ્છા તો હતી કે ધનિકો પોતાના વંશજોમાટે કઇ ન રાખી જાય, ટ્રસ્ટીના અનુગામી વિષેના પશ્નોના સંદર્ભમાં એમ કહ્યું કે, ટ્રસ્ટી પોતાના અનુગામી નિયુક્ત કરી શકે,પણ એ નિયુક્તિ રાજ્ય દ્વારા મંજુર થવી જોઈએ. જેથી ટ્રસ્ટી અને રાજ્યનો એકબીજા પર અંકુશ રહે. વ્યાપક અર્થમાં એક વ્યક્તિ પાસે જે કઇ ગુણો અથવા પોતાની સંપતિ હોય જેવી કે જમીન, જાગીર, ઉધોગ, ધંધો, બુદ્ધિબળ, બાહુબળ, કળા કારીગરી તેને કેવળ પોતાના માટે ઉપયોગ ન કરતા સમાજને ચરણે ધરી દેવામાં આવે.

ગાંધીજી આર્થિક ક્ષેત્રમાં મુડીવાદી અર્થતંત્રનો વિરોધ કરે છે. અને સમાજવાદી અર્થતંત્રની સ્થાપના પર ભાર મુકે છે. તેમણે કહ્યુકે મુડીવાદીઓ પોતાના ફાયદા માટે અર્થતંત્ર ચાવે સામાજિક હિત સાથે કોઈ લેવા દેવા નથી. ઉધોગો નું યાંત્રિકરણ કરીને તેઓ બેરોજગારી વધારે મજૂરો અને ગ્રાહકો નું શોષણ કરે છે.

**સ્વદેશી કાર્ય**

ભારતમાં અંગ્રેજોની આર્થિક નીતિને કારણે દેશમાં વિદેશી માલ સમાનના ઢગલા થવા માંડ્યા. દેશના ઉધોગ ધંધા પડી ભાંગવા માંડ્યા. દેશના કુશળ કારીગરો બેરોજગાર બનવા લાગ્યા. નાના પાયાના તથા ગૃહુધોગો નષ્ટ થવા લાગ્યા આ માટે ગાંધીજી એ પરદેશી માલ સામાનના બહિષ્કારની વાત કરી તથા સ્વદેશીના પ્રચારનો કાર્યક્રમ સૂચવ્યો. સ્વદેશી કાર્યક્રમ એટલે સ્થાઈક આજુબાજુના વિસ્તારમાં ઉત્પન્ન થતા માલસામાન નો ઉપયોગ કરવો અને સ્થાનિક ઉધોગોને પ્રોત્સાહન આપવું. વપરાશની વસ્તુઓ બીજા દેશ પર આધાર રાખતા નજીકના વિસ્તારોની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવો. ગાંધીજી પરદેશી વસ્તુ એવી હોય કે જેનાથી કોઈ વ્યક્તિ કે ઉધોગને નુકશાન ન થતું હોય .દેશને ફાયદો થતો હોય તેને ગાંધીજી વર્જ્ય નથી માનતા. પરંતુ જો પરદેશ થી થતા માલની આયાતના કારણે સ્વદેશી ગામના લાખો લોકો બેકાર બનતા હોય તો એના સામે વિરોધ દર્શાવતા હતા. હિન્દ્સ્તાન સદીઓથી આખી દુનિયામાં સુતરાઉ માલ પૂરૂં પાડતું હતું.એજ હિન્દ્સ્તાનમાં અંગ્રેજોના આગમન પછી ઇંગ્લેન્ડથી નિર્યાત થતા કાપડના ચોથો ભાગ આવતો એ વાત થી ગાંધીજી અત્યંત વ્યથિત બન્યા અને આ સ્થિતિમાંથી હિન્દ્સ્તાનને બહાર લાવવા માટેના ઉપાયો શોધવા લાગ્યા. એ ઉપાય એમને મળ્યો અને ખાદી અને ગ્રામોધોગોના પુનરુધારની વાત દેશ સમક્ષ મૂકી.

ગાંધીજીની સ્વદેશી ચળવળ ખાદી

ગાંધીજી દેશના સ્થાનિક લોકોને બેકાર થતા અટકાવવા તથા ગૃહુધોગોના પુનરુદ્ધારમાટે ૧૯૨૦માં દેશ સમક્ષ રેંટીયા અને ખાદી ની વાત કરી એ પછી "સુતર ને તાંતણે સ્વરાજ " નું સૂત્ર દેશવ્યાપી બન્યું. ગ્રામોઉધોગોને એમણે સૂર્ય અને એના ગ્રહમંડળ સાથે સરખાવતા રેંટીયા ને સૂર્ય સાથે સરખાવ્યો. ગ્રામોધોગોના પુનરુદ્ધાર માટે એમણે ૧૯૨૦માં અખિલ ભારતીય ગ્રામોધોગો સંઘની અને ૧૯૨૫માં અખિલ ભારતીય કાંતણ સંઘની સ્થાપના કરી.ટૂંકમાં સ્વદેશીના ગાંધી વિચારનો નક્કર અમલ અસહકારના આંદોલન દરમિયાન શરુ થયા. પોતાની ફુરસદના સમયમાં ઘરમાં ચરખો ચલાવી એક ખેડૂત અથવા બેકાર વ્યક્તિ પોતાની આવકમાં વધારો કરી શકે એ રીતે ખાદી આર્થિક ઉન્નતિનું મહત્વ નું સાધન તો ખરું જ પણ ગાંધીજીને માટે તો એ જનમાનસ બદલાનું તથા એ દ્વારા ક્રાંતિ માટેનું અણમોલ સાધન પણ હતું. વળી એમાં મૂડીરોકાણની પણ જરૂર નથી પડતી. દુકાળ જેવી કુદરતી આપતિઓના સમયમાં તાત્કાલિક રાહત આપે છે. કુમારપ્પા કહે છે કે, "ગાંધીજી સાથે સંકળાયેલા પ્રતીકોમાંનું સૌથી વધુ મહત્વનું તેમજ સૌથી વધુ લોકપ્રિય પ્રતિક ચરખો છે.ગાંધીજી માનતા હતા કે દરેક ગામમાં ગાય, રેંટીયો, ઘંટી, ખાડણીયા જેવા ઉપકરણો અને કુંભાર, લુહાર, મોચી, ઘાંચી, આદી કારીગરો હોય એ જરૂરી છે. જેનાથી ગામ સ્વાવલંબી બની શકે ગ્રામોધોગો એ સ્વદેશી સ્વાવલંબ તરીકે નું મહત્વનું અંગ હતું. ગ્રામોધોગોમાં તેલ, ઘાણી, હાથકાગળ, કુંભારકામ, ગોળનો ઉધોગ વગેરેનો સમાવેશ થાય છે.આ ઉપરાંત વાંસના ટોપલા, સાદડીઓ, કાથાના દોરડા બનાવવા, મરઘા- બતકા ઉછેર, મધમાખી ઉછેર વગેરે ઉધોગોને સ્થનિક સગવડ પ્રમાણે વિકાસ કરી ગ્રામ વિકાસ સાધી શકાય.

**વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત**

ખાદીના અર્થશાસ્ત્રમાં ઉત્પાદન અને વિતરણના વિકેન્દ્રીકરણ નો ખ્યાલ સંકળાયેલો છે. ખાદીનો મુખ્ય ઉદેશ દરેક ગામને અન્ન અને વસ્ત્રના ક્ષેત્રે સ્વાવલંબી બનાવવાનો છે.ગાંધીજીની એ દઢ માન્યતા હતી કે કેન્દ્રીકરણના આધાર પર ક્યારેય અહિંસક સમાજની સ્થાપના થઈ જ ના શકે. ગાંધીવાદી વિકેન્દ્રીકરણ નો સિદ્ધાંત સમાજપરિવર્તનની પ્રક્રિયાનો તેમજ અહી સર સમાજની સ્થાપનાનો મુખ્ય આધાર છે. છતાં ગાંધીજી દરેક જાતિના કેન્દ્રીકરણનો વિરોધ કરતા એમ કહેવું ઉચિત નથી. પાયાના ઉધોગોનું રાષ્ટ્રીયકરણ થયું હોય અને એના દ્વારા ગ્રામોધોગોને હાનિ ન પહોચતી હોય તો એના કેન્દ્રીકરણ સામે તેમને વાંધો ન હોય. એ જ પ્રમાણે તેઓ દરેક ગામ પ્રદેશો કે દેશો સાથે કોઈ જાતનો સંબંધ ન રાખે એમ પણ નહોતા ઈચ્છતા. સૌ હળી મળીને રહે અને અહિંસક સમાજની સ્થાપનાના મૂળ નાખે એ તેમનો જીવનમંત્ર હતો.

**ઉપસંહાર**

પ્રસ્તુત અભ્યાસ પરથી જણાય છે કે ગાંધીજી ના આર્થિક વિચારો ગ્રામવિકાસ સુધારક તથા પ્રજાના હિતમાં સૂચવ્યા છે. તેમછતાં ટીકાપાત્ર બન્યા છે. ઘણા કહે છે કે ગાંધીજી દેશ સમાજ ને પાછળ ધકેલે છે. તેઓ યંત્રનો વિરોધ કરે છે વિકાસ નો

વિરોધ કરે તેમ કહેવું યોગ્ય નથી. તેઓ માનવજીવન ને બેકાર કરતા યંત્ર ના વિરોધી હતા વિકાસના નહી. ગાંધીજી નો મૂળ વિરોધ યંત્ર વિજ્ઞાન સામે નહિ પણ એ સમુચિત ટેકનોલોજી ના સમર્થક છે. સમક્ષ ભાર ઉધોગો અને કુટીર ઉધોગો વિકાસ સાથે દેશના વિકાસ સાથે નો છે.ગાંધીજી પરદેશી મૂડીનો ઉપયોગ કર્યા વિના લોકોનું જીવનધોરણ ઊંચું આવે એ પ્રકારની યોજના ઘડવાનું સૂચવ્યું. ગરીબીની સમસ્યા વિપુલ ઉત્પાદન દ્વારા નહિ પણ લોકો માટે ઉત્પાદન દ્વારા જ ઉકેલી શકાય. ગાંધીજીના આર્થિક વિચારો સ્વકેન્દ્રિત નહી પણ સમાજવિમુખ કેન્દ્રિત હતા. સમતાવાદી સમાજનો માર્ગ મોકળો થાય. બેરોજગારી, શોષણ પછાતતા જેવી આર્થિક સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. ગાંધીજી ના વિચારો ઉચ્ચ કક્ષાના છે. જેને ધ્યાન માં લઇ ને દરેક રાજ્ય તેની અર્થવ્યવસ્થાને મજબુત કરી શકે છે. તેથી ભારત ગાંધીજીના વિચારો ને આધાર માની ને અર્થતંત્રનું સંચાલન કરી રહ્યું છે.તેમના વિચારો વાસ્તવિકતા અને વ્યવહાર પર આધારીત છે.

ગાંધીજી પ્રાચીનકાળથી ચાલી આવતી બધીજ પરંપરાઓ તથા માન્યતાઓનો સ્વીકાર નહોતા કરતા પરંતુ સત્ય અહિંસા સદાચાર આદિ મૂલ્યોમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન લાવવા નહોતા માંગતા. આ મુલ્યોને અનુસરીને સમાજ માં પરિવર્તન લાવવાનો હતો. ગાંધીજી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન જીવનસમાજ નું અને રાષ્ટ્રનું સર્વાંગી દર્શન રજુ કર્યું હતું. તેમનું આર્થિક ચિંતન રાજકારણ સમાજકારણ ઉપરાંત રાષ્ટ્રના ભાવી વિકાસની દિશા ચીંધે છે. ટૂંકમાં ગાંધીજી માનવકલ્યાણ માટેની સમૃદ્ધ સ્વસ્થ અને સુગ્રથિત સમાજ તરફ માટેની આર્થિક ચાવી બતાવે છે.

**સંદર્ભયાદી** :

૧.ગાંધી મો.ક (૨૦૧૨) મારા સ્વપ્નનું ભારત , અમદાવાદ નવજીવન પ્રકાશન

૨ ગાંધી મો.ક (૨૦૦૯) હિન્દ સ્વરાજ, અમદાવાદ

૩. ગાંધી મો.ક રચનાત્મક કાર્યક્રમ, અમદાવાદ ૧૯૪૪

૪. ગાંધી મો.ક (૨૦૧૪)સત્યના પ્રયોગો, અમદાવાદ,નવજીવન પ્રકાશન

૫. હરીજન ૧૬-૫ -૧૯૩૬

૬. ગાંધી મો.ક (૧૯૪૦) ગાંધી વિચારદોહન, અમદાવાદ: નવજીવન પ્રકાશન

૭. ગાંધી મો.ક યરવડા મંદિર